અપીલ અરજી નં.૭૧૨/૭૧૪ તા.૧૫–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી મોહંમદ હનીફ નુરમોહંમદ પાનાગર
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ હનીફ નુરમોહંમદ પાનાગરની તા. ૨૩–૧૨–૧૧ ની અરજીથી ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧ તથા ૨૯એ–૦૭ –૩૬૧૧–૦ –૦૦૧ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૧૨/૨૦૧૧–૧૨
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૧૪/૨૦૧૧–૧૨

શ્રી મોહંમદ હનીફ નુરમોહંમદ પાનાગરની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧ તથા ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અજરદાર તેમજ જાહેર માહિતી અધિકારી એક જ હોવાથી તેમજ અરજદારની સરખી વિગતની અરજીઓને ધ્યાને રાખી બંને અપીલોનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી નવા હુકમ મુજબ હોય તો તે પણ જણાવવા તથા તેમ હોય તો તે મુજબના અપીલ અધિકારી કક્ષાએથી કાર્યવાહી કરાવવા અપીલ નં. ૭૧૨ પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯ તા. ૫–૪–૧૨ તથા અપીલ નં. ૭૧૪ પત્ર નં. આરટીઆઈ સેલ/૨૫ તા. ૭–૪–૧૨થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને મળેલ માહિતી, માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત અને સંતોષકારક જવાબ નહીં હોવાના આધાર સહ પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭ તા. ૩–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૬૮ તા. ૧૬–૨–૧૨ની નકલ, તેની પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ તેમજ પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮ તા. ૩–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૬૭ તા. ૧૬–૨–૧૨ની નકલ તેમજ પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૭ તા. ૧૩–૪–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૧૨–૪–૧૨ના પૂરક પત્રથી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૧૪૬૭ તથા પત્રનં. ૧ ૪૬૮ તા. ૧૬–૨–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, મૂળ અરજીની નકલ, તા. ૨૩–૧૨–૧૧ના રોજ કરેલી અરજીની નકલ, ફી ભર્યા રસીદની નકલ, વર્ષ–૮૭–૮૮ના ટેના.નં. ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧–F ના વેરાબીલની નકલ તથા ટેના.નં. ૨૯એ–૦૭– ૩૫૯૧– ૦–૦૦૧–Pના વેરાબીલની નકલ , ટેક્ષ ભર્યાની રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી પેરેમાઉન્ટ ઈન્ડ .સોસાયટીની આકારણી બાબતે માહિતી માંગતી બે અરજીઓ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં આઈડી નં. ૫૬૩ પેરેમાઉન્ટ ઈન્ડ. સોસાયટી મોજે ભેસ્તાન સર્વે નં. ૧૧૧,૧૧૩,૧૦૫,૧૦૬ પૈકી પ્લેટ નં. ૧૬૯બી તથા ૧૭૦બી ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧–P તથા ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧–F ના વેરા બીલ આવતા બંધ થયા છે તેના કારણો સને ૧૯૮૭–૮૮ થી સને–૨૦૧૧–૧૨ સુધી અગાઉ નિયમિત રીતે વેરો ભરેલ છે જેની ઝેરોક્ષ નકલ સામેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ ૧૪૬૭ તા. ૧૬–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ "ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧–P તથા ૨૯એ–૦૭ –૩૬૧૧–૦–૦૦૧–F ઉધનાઝોનના આકારણી દફતરે ૩/૨ થી કમી કરેલ હોઈ તેના વેરાબીલો આવતાં બંધ

થયા છે." તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગેલ માહિતી પુરી પાડેલ છે. જે અગે અરજદારે તા. ૧૫–૩–૧૨ના રોજ સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે ૩/૨ કયા આધારે કરવામાં આવેલ છે તેના આનુષાંગિક પુરાવા પુરા પાડેલ નથી. જે બાબતે અરજદારે મૂળ અરજીમાં ફકત વેરાબીલ આવવાના બંધનું કારણની માહિતી માંગેલ છે. જયારે કયા આધારે બંધ કરવામાં આવ્યા તેના આનુષાંગિક પુરાવા અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૬૭ થી માહિતી આપી છે કે, ટેના.નં. ૨૯એ–૦૭–૩૫૯૧ –૦–૦૦૧–P તથા ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧–F અત્રેના આકારણી દફતરે ૩/૨ થી કમી કરેલ હોઈ તેના વેરાબીલો આવતાં બંધ થયા છે. સદર ટેનામેન્ટ નં.બર ઉપર ૩/૨ કયા કારણસર થયું છે. તેની કોઈ વિગત મળતી નથી. તેવું જણાવેલ.

અરજદારે આઈડી. નં. ૫૬૪થી ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧–P તથા ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧–F તેમજ મોજે ગામ ભેસ્તાન સર્વે નં. ૧૧૧,૧૧૩,૧૦૫,૧૦૬ પૈકી પ્લેટ નં. ૧૬૯બી તથા ૧૭૦બી સોસાયટીના સભ્યોના નામ મ્યુ. દફતરે દાખલ કરવા રજૂ કરેલ દસ્તાવેજની પ્રમાણિત નકલ. ઉપરોકત જણાવેલ સોસાયટીના સભ્યોના નામ મ્યુ. દફતરે દાખલ કરવા માટે રજૂ કરેલ તમામ સંબંધિત દસ્તાવેજ/પેપર્સની પ્રમાણિત નકલો અથવા જે આધારે નામો દાખલ કરેલ હોય તેની વિગતો તાકીદે પુરી પાડવી. જે અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૬૮ તા. ૧૬–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ" સઘન શોધખોળ કરવા છતાં ટેના. નં. ૨૯એ–૦૭–૩૫૯૧–૦–૦૦૧–P તથા ૨૯એ–૦૭–૩૬૧૧–૦–૦૦૧–Fના નામ દાખલ કરવા અંગે રજૂ કરેલ પુરાવા મળી શકેલ ન હોઈ તેની નકલ આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારીએ પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૪ તા. ૧૭–૩–૧૨ થી પૂરક વિગતોમાં સદર અરજીના નોંધ વિભાગ તથા પત્ર વિભાગના પાના નંગ–૯ પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ /૧૮ તા. ૩–૪–૧૨ના રોજ રવાના કરેલ છે. તેવું જણાવેલ. જે અંગે અરજદારે તેમની મૂળ અરજીમાં પેરેમાન્ટ ઈન્ડ. સોસા.ના સભ્યોના નામ મ્યુ. દફતરે દાખલ કરેલ સભ્યોની દસ્તાવેજ/પેપર્સની માંગણી કરેલ છે. તેથી તે અંગેના તુમારની ફાઈલની અરજદારને તપાસણી પુરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૫–૩–૧૨ ધ્યાને લેતાં ૧૩–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ હકીકતમાં જણાવેલ નિર્દિષ્ટ મિલકતના તુમાર અન્યથા આનુષાંગિક દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદ હનીફ નુરમોહંમદ પાનાગર,